**ELECTION**

**IMMEDIATE**

**મજબૂત લોકશાહી – સૌની ભાગીદારી**

# જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરની કચેરી

**જિલ્લા સેવા સદન, શામળાજી રોડ,**
**મુ.મોડાસા, જિ.અરવલ્લી–૩૮૩૩૧૫**

**ફોન નં.૦૨૭૭૪–૨૫૦૨૧૯**
**ફેક્સ નં.૦૨૭૭૪–૨૫૦૨૦૧**
Email:dydeoarv@gmail.com

નં.ઈએલસી/બેનર્સ–પોસ્ટર્સ/હુકમ/વશી/૧૦/૨૦૨૨ તા.૧૨/૧૦/૨૦૨૨

**વંચાણે લીધા:**

(૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના પત્ર ક્રમાંકઃબીજીટી/૧૦૨૦૨૦/૫૩૩૦/છ(પાર્ટ–૯) તા. ૧૦/૦૬/૨૦૨૨

(૨) અત્રેની કચેરીના બીડ નંબર. ઈલેક/બેનર્સ–હોર્ડીંગ્સ/બીડનં.૦૨/૨૦૨૨તા.૧૫/૦૭/૨૦૨૨

(૩) Gem Portal Bid no. GEM/2022/B/2351757dt.15-07-2022

(૪) ઓન લાઇન રજુ થયેલ ભાવપત્રકો

**આદેશઃ–**

આમુખ–(૧) અન્વયે આપેલ સુચના મુજબ આમુખ–(૨)માં જણાવેલ વિગતે આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૨ના કામે અરવલ્લી જિલ્લામાં પોસ્ટર બેનર, પેમ્ફલેટ, સ્ટીકર છાપકામ તેમજ અન્ય ચૂંટણીલક્ષી છાપકામ તથા હોર્ડીંગ્સ માટેની કામગીરી કરાવવા એજન્સી નકકી કરી ભાવ નકકી કરવાના થતાં હોઈ અત્રેની ઈ–ટેન્ડર બીડ નં.ઈલેક/બેનર્સ–હોર્ડીંગ્સ/બીડનં.૦૨/૨૦૨૨ તા. ૧૫/૦૭/૨૦૨૨ થી GeM Portal દ્વારા ઈ–ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી ઓનલાઈન ભાવ પત્રકો મંગાવવામાં આવેલ હતા. જે અંગે ટેન્ડરની વિગતો GeM Portal પર ઓનલાઇન રજુ કરવા જણાવેલ હતુ.

આમુખ–(૩) અને (૪)માં જણાવેલ વિગતે અત્રેની તા.૧૫/૦૭/૨૦૨૨ ઈ–ટેન્ડર નોટીસ મુજબ ઓનલાઈન ટેન્ડરની છેલ્લી અવધિ તા.૨૫/૦૭/૨૦૨૨ના રોજ ૧૮–૦૦ કલાક સુધીની રાખેલ હતી તથા ટેન્ડર સબંધિત તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન રજુ કરવાની છેલ્લી તા.૨૫/૦૭/૨૦૨૨ના રોજ ૧૭–૦૦ કલાકે રાખેલ હતી. તે મુજબ ટેન્ડર નિયત કરેલ સમય સુધીમાં રજુ કરવાની છેલ્લી તારીખે (૧) શ્રી હિંમત વિજય પ્રિન્ટીંગ પ્રેસ, હિંમતનગર–સાબરકાંઠા (૨)આર. કે. કોર્પોરેશન, મોડાસા–અરવલ્લી (૩) ભગવતી પ્રિન્ટીંગ પ્રેસ, હિંમતનગર–સાબરકાંઠા (૪) હરિ ઓમ સેલ્સ કોર્પોરેશન, હિંમતનગર–સાબરકાંઠા (૫)ચાણક્ય ઈન્ફોટેક, નારણપુરા–અમદાવાદ (૬) એકતા ઓફસેટ પ્રા.લી., નડીયાદ–ખેડા (૭) મહાદેવ એન્ટરપ્રાઇસ, આશ્રમ રોડ–અમદાવાદ (૮) ડૉન ઇ–નેટવર્કસ લીમીટેડ, નારણપુરા–અમદાવાદ એમ કુલ–૮ (આઠ) એજન્સી તરફથી ઓનલાઈન ટેન્ડર ફોર્મ રજુ થયેલ છે. જેમના ટેકનીકલ બીડ ખોલવા માટે તા.૧૦/૦૮/૨૦૨૨ના રોજ ૧૫.૦૦ કલાકે આંતરિક સમિતિની બેઠક યોજાયેલ હતી જેમાં આંતરિક સમિતિ દ્વારા બીડમાં ભાગ લીધેલ તમામ એજન્સીઓના ટેકનીકલ બીડ ખોલવામાં આવેલ અને આ ટેન્ડરમાં ભાગ લીધેલ તમામ એજન્સીઓને ખુટતા આધાર–પુરાવા GeM પોર્ટલ પર ઓનલાઇન રજુ કરવા ૪૮ કલાકનો સમયગાળો આપવામાં આવેલ હતો. ત્યારબાદ તા. ૦૭/૦૯/૨૦૨૨ના રોજ ૧૫.૦૦ કલાકે યોજાયેલ આંતરિક સમિતિની બેઠકમાં ઉકત જણાવેલ એજન્સીઓ પૈકી ડૉન ઇ–નેટવર્કસ લીમીટેડ, નારણપુરા–અમદાવાદ દ્વારા સમયમર્યાદામાં આધાર પુરાવા રજુ ન થતાં આંતરિક સમિતિ દ્વારા ગેરલાયક ઠરાવવામાં આવેલ હતા તેમજ તે સિવાય અન્ય તમામ એજન્સીઓને DPC (ખાતાના વડા કક્ષાની

ખાતાકીય ખરીદ સમિતિ) સમક્ષ ફાયનાન્સિયલ બીડ ખોલવા માટે લાયક ઠરાવવામા આવેલ હતા. ફાયનાન્સિયલ બીડ ખોલવા માટે લાયક ઠરાવવામાં આવેલ એજન્સીઓની વિગત નીચે મુજબ છે.

| અનુ. નં. | ટેન્ડરની વિગત | કોલમ નં. ૨માં જણાવેલ ટેનડરમાં (GeM પોર્ટલ પર) ભાગ લીધેલ એજન્સીઓ પૈકી ફાયનાન્સીયલ બીડ ખોલવા માટે લાયક થયેલ એજન્સીની વિગત |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૩ | બેનર્સ,પોસ્ટર્સ વિગેરેના છાપકામની કામગીરી બાબત | ૧. શ્રી હિંમત વિજય પ્રિન્ટીંગ પ્રેસ, હિંમતનગર-સાબરકાંઠા |
| | | ૨. આર. કે. કોર્પોરેશન, મોડાસા-અરવલ્લી |
| | | ૩. ભગવતિ પ્રિન્ટીંગ પ્રેસ, હિંમતનગર-સાબરકાંઠા |
| | | ૪. હરિ ઓમ સેલ્સ કોર્પોરેશન, હિંમતનગર-સાબરકાંઠા |
| | | ૫. ચાણક્ય ઇન્ફોટેક, નારણપુરા-અમદાવાદ |
| | | ૬. એકતા ઓફસેટ પ્રા. લી. નડીયાદ-ખેડા |
| | | ૭. મહાદેવ એન્ટરપ્રાઇસ, આશ્રમ રોડ-અમદાવાદ |

આમ, આંતરિક સમિતિ દ્વારા ફાયનાન્સિયલ બીડ ખોલવા માટે લાયક એજન્સીઓના DPC (ખાતાના વડા કક્ષાની ખાતાકીય ખરીદ સમિતિ)ની બેઠક તા. ૦૮/૦૯/૨૦૨૨ના રોજ ૧૮.૦૦ કલાકે યોજાયેલ બેઠકમાં ફાયનાન્સિયલ બીડ ખોલવામાં આવેલ હતા. જેમાં GeM Portal પર L1 તરીકે એક કરતાં વધારે એજન્સીઓ આવેલ હોઇ DPC (ખાતાના વડા કક્ષાની ખાતાકીય ખરીદ સમિતિ) દ્વારા તા.૧૨/૦૯/૨૦૨૨ના રોજ ૧૬-૦૦ કલાક સુધીના સમયગાળા માટે રીવર્સ ઓક્શન આપવામાં આવેલ હતુ. જે અન્વયે DPC (ખાતાના વડા કક્ષાની ખાતાકીય ખરીદ સમિતિ)ની તા.૧૩/૦૯/૨૦૨૨ના રોજ ૧૫.૦૦ કલાકે યોજાયેલ બેઠકમાં રીવર્સ ઓકશનમાં ભાગ લીધેલ એજન્સીઓના Financial BID ખોલતા નીચેની વિગતે ભાવો જોવા મળેલ હતા.

**Price bid for "Banner Posters Printing" (Table-1)**

| અનુ. નં. | ટેન્ડરની વિગત | કોલમ નં. ૨માં જણાવેલ ટેનડરમાં (GeMપોર્ટલ પર) ભાગ લીધેલ એજન્સીઓ પૈકી ફાયનાન્સીયલ બીડ ખોલવા માટે લાયક થયેલ એજન્સીની વિગત | Financial BID ખોલતા રજુ થયેલ ભાવ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | બેનર્સ, પોસ્ટર્સ વિગેરેના છાપકામની કામગીરી બાબત | ૧. એકતા ઓફસેટ પ્રા. લી. નડીયાદ-ખેડા | 97.48 | **L 1** |
| | | ૨. હરિ ઓમ સેલ્સ કોર્પોરેશન, હિંમતનગર-સાબરકાંઠા | 97.93 | |
| | | ૩. શ્રી હિંમત વિજય પ્રિન્ટીંગ પ્રેસ, હિંમતનગર-સાબરકાંઠા | 98.32 | |
| | | ૪. ચાણક્ય ઇન્ફોટેક, નારણપુરા-અમદાવાદ | 234.17 | |

ઉકત વિગતે એજન્સીઓ દ્વારા આઇટમવાઇઝ(સેવાના પ્રકારવાર) રજુ થયેલ ભાવની વિગત નીચે મુજબ છે.

**Price bid for "Banner Posters Printing" (Table-2)**

| અ.નં. | વિગત | એકમ | એજન્સીઓ દ્વારા રજુ થયેલ ભાવ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | એકતા ઓફસેટ પ્રા. લી. નડીયાદ-ખેડા | હરિ ઓમ સેલ્સ કોર્પોરેશન, હિંમતનગર-સાબરકાંઠા | શ્રી હિંમત વિજય પ્રિન્ટીંગ પ્રેસ, હિંમતનગર-સાબરકાંઠા | ચાણક્ય ઇન્ફોટેક, નારણપુરા-અમદાવાદ |
| 1 | ફલેક્ષ બેનર (કોર્નર ઉપર રબીટ કરી આપવા સાથે) | પ્રતિ ચો.ફુટ | 4.95 | 4.95 | 4.98 | 17.00 |
| 2 | સ્ટાર ફલેક્ષ બેનર | પ્રતિ ચો.ફુટ | 4.95 | 4.95 | 4.98 | 20.00 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 3 | વીનાઈલ પ્રિન્ટીગ (પેસ્ટીગ કરવા સાથેના ભાવો) | પ્રતિ ચો.ફુટ | 9.95 | 9.95 | 9.98 | 22.00 |
| 4 | ફોર્મસીટ સાથે વિનાઈલ પ્રિન્ટીગ (૩ **M.M.**ફોર્મસીટ ઉપર વિનાઈલ પેસ્ટીગ સાથેના ભાવો) | પ્રતિ ચો.ફુટ | 9.95 | 9.95 | 9.98 | 55.00 |
| 5 | નેઈમ પ્લેટ | | | | | |
| | **A.** ૩ **M.M.** ફોર્મસીટ રેડીયમ પ્રિન્ટ | પ્રતિ ચો.ઈચ | 1.95 | 1.95 | 1.98 | 0.30 |
| | **B.** ૩ **M.M. ACP** વિનાઈલ મટીરીયલમાં | પ્રતિ ચો.ઈચ | 1.95 | 1.95 | 1.98 | 0.30 |
| 6 | લોખંડની ફ્રેમીગ સાથેના ફલેક્ષ બેનર ૧.૨૫ ઈચની સાઈઝની પાઈપ | પ્રતિ ચો.ફુટ | 19.95 | 19.95 | 19.98 | 30.00 |
| 7 | હોર્ડીગ્સ બોર્ડ, પતરાની સીટ સાથેના લાકડાની ફ્રેમવાળા હોર્ડીગ્સ લોખંડની ગડર સાથે જે તે જગ્યાએ ઈન્સ્ટોલેશન કરવા સહીતનો ભાવ. | પ્રતિ ચો.ફુટ | 29.95 | 29.95 | 29.98 | 65.00 |
| 8 | પ્રદર્શન માટે હોર્ડીગ્સની જગ્યાનું ભાડું, ફલેક્ષ બેનર માઉન્ટીગ સાથેના ભાવ. | પ્રતિદિન, પ્રતિ ચો.ફુટ | 9.95 | 9.95 | 9.98 | 18.00 |
| 9 | ખાખી/સફેદ કવર | પ્રતિ ચો.સે.મી. | 0.04 | 0.04 | 0.04 | 0.01 |
| 10 | કલોથ એસ્ટર કવર | પ્રતિ ચો.સે.મી. | 0.04 | 0.04 | 0.04 | 0.01 |
| 11 | Printing on Paper (Black/White or Two Colour) | A4 size | 0.49 | 0.95 | 0.98 | 0.90 |
| | | Legal size | 1.40 | 1.45 | 1.48 | 0.95 |
| 12 | Printing on Glossy Paper (Four Colour) | A4 size | 0.98 | 0.95 | 0.98 | 2.30 |
| | | Legal size | 0.98 | 0.95 | 0.98 | 2.40 |
| | | Total | 97.48 | 97.93 | 98.32 | 234.17 |

આમ, રીવર્સ ઓક્શન બાદ ઉપરોકત મુજબ રજુ થયેલ ભાવોની સરખામણી કરતા L1 આવેલ એજન્સી એકતા ઓફસેટ પ્રા.લી નડીયાદ–ખેડાએ બેનર્સ, પોસ્ટર્સ વિગેરેના છાપકામની કામગીરી બાબતના ટેન્ડર માટે સૌથી નીચા ભાવ દર્શાવેલ તેમજ તેઓ આ કામગીરીનો અનુભવ ધરાવતા હોઈ તેઓને આ કામગીરીની સોંપણી કરવાનુ યોગ્ય જણાય છે.

આમ, આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૨ના કામે અરવલ્લી જિલ્લામાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મતદાર વિભાગ માટે કરવાની થતી ચૂંટણીલક્ષી કામગીરી માટે બીડરશ્રી **એકતા ઓફસેટ પ્રા.લી નડીયાદ–ખેડા**ને ઉપર જણાવ્યા મુજબની આઈટમોના કામગીરીના તે સામે દર્શાવેલ ભાવો મુજબ કામગીરી કરવા ટેન્ડરમાં દર્શાવેલ શરતોને આધિન ટેન્ડર મંજુર કરવા આથી આદેશ કરવામાં આવે છે.

**(ડૉ. નરેન્દ્રકુમાર મીના)**
**જિલ્લા ચૂંટણી અધિકારી**
**અને કલેકટર,અરવલ્લી**

પ્રતિ,
પ્રોપરાઈટરશ્રી,
એકતા ઓફસેટ નડીયાદ,
જિ.ખેડા

**નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂઃ–**

- ચૂંટણી અધિકારીશ્રી................(તમામ)
- મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી..............(તમામ)